**રે દિ મુ નં–૨૬/૨૦૧૫**

આંક–૯૫ ની અરજી લગત હુકમ:–

**(૧)** હાલની અરજી વાદી દ્વારા હાલના દાવાના કામે ઘડવામાં આવેલ મુદ્દાઓ ઉમેરવા સારૂ રજુ રાખેલ છે.

**(૨)** સદરહું અરજી સંદર્ભે વાદી વકીલશ્રીને સાંભળ્યા. પ્રતિવાદીપક્ષે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી તેમજ અરજીની સુનવણી મુલત્વી રાખવા સારૂ કોઈ મુદ્ધત રીપોર્ટ રજુ રાખેલ નથી.

**(૩)** હાલના કામે વાદી દ્વારા કુલ ૮ નવા મુદ્દા ઘડીને ઉમેરવા સારૂ રજુઆત કરેલ છે. ઉકત સમ્રગ અરજી વંચાણે લેતા પ્રતિવાદીઓના કયા પક્ષનિવેદન તેમજ દસ્તાવેજ આધારે સદરહું મુદ્દાઓ ઘડવા જોઈએ તેવી કોઈ હકીકત અરજીમાં જણાવેલ નથી. વધુમાં વાદી દ્વારા જણાવેલ મુદ્દાઓ પૈકી અમુક મુદ્દાઓ પ્રથમથી જ ઘડવામાં આવેલ છે તેમજ અમુક મુદ્દાઓમાં  વાદી દ્વારા જણવવામાં આવેલ હકીકતોનો સમાવેશ થઈ જવા પામે છે.

**(૪)** વાદી વકીલશ્રી દ્વારા પોતાની મૌખીક રજુઆતમાં જણાવેલ છે કે, પ્રતિવાદી દ્વારા પોતાનો કાઉન્ટર કલેઈમ રજુ રાખવામાં આવેલ છે તે કાઉન્ટર કલેઈમમાં જે વેચાણ દસ્તાવેજ આધારે માલીકી હક્કની માંગણી કરવામાં આવેલ છે તે વેચાણ દસ્તાવેજમાં પ્રતિવાદી સને–૧૯૯૩ થી વાદગ્રસ્ત મિલ્કતના કબ્જામાં હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમજ સદરહું વેચાણ દસ્તાવેજ પાવર ઓફ એર્ટનીના આધારે કરવામાં આવેલ હોય સદરહું પાવર ઓફ એર્ટની કાયદા માન્ય હતુ કે કેમ? તે હકીકત પ્રતિવાદીએ પુરવાર કરવી જોઈએ.

**(૫)** ઉકત હકીકતે દિવાની કાર્યરીતી સંહિતાના હુકમ ૧૪ ની જોગવાઈઓ વંચાણે લેવામાં આવે તો તકરારી દાવામાં યોગ્ય મુદ્દાઓ ઘડવવા જરૂરી છે.

**(૬)** આમ, હાલના કામે પાવર ઓફ એર્ટની આધારે પ્રતિવાદીએ દસ્તાવેજ કર્યાનો તેમજ સદરહું દસ્તાવેજમાં સને ૧૯૯૩ માં કબ્જો મળેલ હોવાનું જણાવેલ છે. આથી, ઉકત બંને મુદ્દાઓ ઘડવા જરૂરી જણાય છે તેમજ ઉકત બંને મુદ્દાઓની હકીકત અંગે મુદ્દાઓ ઘડવા જરૂરી જણાય છે. આથી હાલની અરજી પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમ:–

૧) હાલની અરજી અશ:ત મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) હાલના કામે નીચે મુજબના બે મુદ્દાઓ ઉમેરવાનો હુકમ કરવામાં આવે છે.

1. Whether the defendant no.4 proves that they are in possession of plot no.5 of block no.551 from 01.07.1993?

2.Whether the defendants proves that said deed no 494 is executed through valid power of attorney ?

તા.૩૦.૧૧.૨૦૨૧

સ્થળ: પલસાણા

હાર્દિક સાગરભાઈ દેસાઈ,

અધિક સીવીલ જજ, પલસાણા